ગાંધીનગર સમાચાર

# ગણિતશાસ્ત્રી અરુણ વૈદ્યનું નિધન

**ગણિત ક્ષેત્રે તેમનું પ્રદાન ભૂલાય તેવું નથી...**

ગાંધીનગર, તા. ૨૬

આજે ગણિતશાસ્ત્રી અરુણભાઈ વૈદ્યે અમદાવાદમાં, પોતાના નિવાસસ્થાને સવારે ૧૧ વાગ્યે વિદાય લીધી. તેઓ ૮૪ (કે ૮૫) વર્ષના હતા. ગુજરાત ગણિત મંડળના તેઓ આધારસ્તંભ હતા. સુગણિતમ્ સામયિકને પણ તેનો મોટો લાભ મળતો હતો. ગુજરાતમાં ગણિત વિષયની પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરવામાં પ્ર.ચુ. વૈદ્યની સાથે, તેમના આ ભત્રીજાનું પણ મોટું પ્રદાન હતું.



તેમણે પ્ર.ચુ.વૈદ્યનું અદભુત અને ખૂબ જ સુંદર જીવનચરિત્ર (આપણી મોંઘેરી ધરોહર )લખ્યું છે (જેનું પ્રકાશન ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે કર્યું છે.). આ પુસ્તક દીવાળી પહેલાં મેં બે-બે વાર વાંચ્યું તો પણ ધરવ ના થયો. અત્યંત સુંદર જીવન ચરિત્ર તેમણે લખ્યું છે. ફોન કરીને તેમને અભિનંદન આપવાની મારી ઈચ્છા મનની મનમાં જ રહી.

ફાધર વાલેસ પણ મોટા ગણિતશાસ્ત્રી હતા. ગુજરાતમાં ગણિત વિષયનો પાયો નાખવામાં તેમનું પણ પ્રદાન હતું. તેમની વિદાયના સમાચારની હજી શાહી સૂકાઈ નથી (આવતી કાલે હજી તો સ્પેનમાં તેમની અંતિમ વિધિ થવાની છે...) ત્યાં ગુજરાતે અરુણભાઈના રૂપમાં બીજા એક મોટા ગણિતશાસ્ત્રી ગુમાવ્યા.

ભગવાન તેમના આત્માના પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

# બંધારણ દિવસની ઉજવણીમાં ગાંધીનગરથી સહભાગી થતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી

## રાષ્ટ્રપતિએ નવી દિલ્હીથી વિડીયો લીંક દ્વારા બંધારણના આમુખનું સમુહ પઠન કરાવ્યું




ગાંધીનગર,તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ લોકતંત્રમાં સંવિધાન-બંધારણને સર્વોપરિ ગણાવતાં તેની રક્ષા આપણું કર્તવ્ય છે તેવો સ્પષ્ટમત વ્યકત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આપણા બંધારણના ઉદેશો સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જળવાઈ રહે તો જ લોકશાહિ પ્રબળ અને મજબૂત બને તેવો ધ્યેય રાખીને લોકો માટે, લોકો વડે, લોકો થકી આ લોકતંત્રની બંધારણની ગરિમા આપણે સૌએ વધારવાની છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ થી તા.૨૬ નવેમ્બરને રાષ્ટ્રભરમાં સંવિધાન દિવસ તરીકે ઉજવવાની શરૂ કરેલી પરંપરા અંતર્ગત આજે તા.૨૬ નવેમ્બરે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ મંત્રી-મુખ્યમંત્રીશ્રીઓ-અધિકારીઓ-પદાધિકારીઓને બંધારણના આમુખનું નવી દિલ્હીથી વિડીયો લીંક દ્વારા સમૂહ પઠન કરાવ્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તેમજ રાજય મંત્રીમંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવો અને સચિવો સ્વર્ણિમ સંકુલના નર્મદા હોલથી આ પઠનમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી પદ દરમ્યાન બંધારણનું આગવું મહત્વ પ્રસ્થાપિત કરતાં હાથીની અંબાડી પર બંધારણ યાત્રા કાઢીને બંધારણની સર્વોપરિતા અને મહત્વ વિશે જનજાગૃતિ ઊજાગર કરી છે. તેમણે પ્રધાનમંત્રી તરીકેનો પદભાર સંભાળતા દેશમાં તા. ૨૬મી નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની પરંપરા ઊભી કરી તે અન્વયે આ બંધારણ દિવસ ઉજવાયો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, કેવડીયામાં ચાલી રહેલી સ્પીકર્સ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા દેશના રાજયોની વિધાનસભાઓના અધ્યક્ષો પણ રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના આમુખના સમૂહ પઠનમાં જોડાયા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સૌ કોઈ દેશના બંધારણને વફાદાર રહીએ, દરેકને અધિકારો મળે સમાનતા, સ્વતંત્રતા મળે તે હેતુસર આ સામુહિક શપથ લેવામાં આવ્યા છે.

# ૧૯૭૧ ભારત-પાક. યુદ્ધ સ્વર્ણિમ વિજય વર્ષ ઉજવણીની નિમિત્તે યોજિત સાઇકલ રેલીને લખપત ખાતેથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

**૧૦ ટીમ ૧૯૭૧ કીમીનો પ્રવાસ કરી ૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ લોંગેવાલા ખાતે રેલીનુ સમાપન**





ગાંધીનગર, તા. ૨૬

૧૯૭૧ ભારત–પાકિસ્તાન યુદ્ધ સ્વર્ણિમ વિજય વર્ષ ઉજવણીની નિમિત્તે ભારતીય સૈન્યના કોણાર્ક કોર્પ્સ દ્વારા યોજિત ગુજરાત અને રાજસ્થાનમાં ૧૯૭૧ કિલોમીટર લાંબી સાઈકલ રેલીને ૮૭ વર્ષીય માનદ કેપ્ટન ગુમાનસિંહએ રેલીને સવારે ૭ વાગ્યે લખપત પોસ્ટ વિસ્તારમાંથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સાઈકલ રેલી મારફતે ગ્રામીણ લોકોમાં કોવિડ-૧૯ અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે જેની મૂળભૂત થીમ સામાજિક અંતર, માસ્ક- સેનિટાઈઝેશન (SMS) રહેશે. આ રેલી મારફતે ભૂતપૂર્વ જવાનો, યુદ્ધમાં શહીદ થયેલા જવાનોના પરિવારજનો, શારીરિક હાનિ પામનારા તેમજ દિવ્યાંગજનો સુધી પહોંચવામાં આવશે. ભૂતપૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને મળવાપાત્ર આર્થિક લાભો, કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવશે અને તેમને કોઈપણ સંબંધિત સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવામાં આવશે. ૧૯૪૮, ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધના જવાનો અને વીર નારીઓને ૧૦ દિવસની આ રેલી દરમિયાન સન્માનિત કરવામાં આવશે.

આ સાઈકલ રેલી કોણાર્ક કોર્પ્સના વિવિધ ફોર્મેશન, ભારતીય એરફોર્સ, ભારતીય નેવી, ભારતીય કોસ્ટગાર્ડ અને સરહદી વિસ્તારોમાં કોર્પ્સ ઝોનમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના પ્રતિનિધિઓ દ્વારા હાથ ધરવામાં આવશે. આ રેલી અભિયાન એક રિલે ફોર્મેટમાં યોજવામા આવશે જેમાં પ્રત્યેક ટીમ તેમના નિર્ધારિત કરવામાં આવેલા અંતર સુધી સાઈકલ ચલાવશે અને ત્યાંથી આગળના ફોર્મેશનને આગળ વધવા માટે સોંપવામાં આવશે. આ રેલીનુ ૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ લોંગેવાલા ખાતે તેનું સમાપન થશે.

આજ રોજ તા. ૨૬ નવેમ્બર ૨૦૨૦ના રોજ બપોરે એક વાગ્યે ભૂજ સ્ટેશનમાં પશ્ચિમ દ્વાર પર તબીબી શિબિરનો પ્રારંભ થશે. ભાગ લેનાર ૧૦ ટીમ પૈકી સાયકલિસ્ટોની પ્રથમ લેગ ટીમનું આજે સાંજે ૬ વાગ્યે ભૂજ મિલિટરી સ્ટેશન ખાતે સ્વાગત કરવામાં આવશે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં સંવિધાન પ્રત્યે સમર્પિત રહેવાના શપથ લેતા લોકશાહીના સંવાહકો

**રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદએ દિલ્હીથી વર્ચ્યુલ રીતે બંધારણના આમુખનું વાંચન કરાવવી સંકલ્પ લેવડાવ્યા**

ગાંધીનગર, તા. ૨૬

૮૦મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદના બીજા દિવસનો પ્રારંભ મહાનુભાવોએ સંવિધાન દિનની ઉજવણી કરીને કર્યો હતો. વિવિધ રાજયની વિધાનસભા અને વિધાન પરિષદનું પ્રતિનિધિત્વ કરી રહેલા પદાધિકારીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકત્ર થયા હતા અને રાષ્ટ્રની એકતા-અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના વિરાટ વ્યક્તિત્વ સમી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સમક્ષ સંવિધાનના આમુખનું વાંચન કર્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ દિલ્હીથી રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કર્યું હતું. તેમણે આમુખનું વાંચન કરાવ્યું હતું. બંધારણીય રીતે કાર્ય કરવા સૌ સંકલ્પબંધ થયા હતા.

લોકશાહીના મંદિર સમાન લોકસભા, રાજ્ય સભા અને રાજ્યોની વિધાનસભા-વિધાનપરિષદના અધ્યક્ષશ્રીઓ, ઉપાધ્યક્ષો આજે સવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉપસ્થિત થયા હતા. જ્યાં સૌએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા હતા.

બાદમાં સૌ મહાનુભાવો સામાજિક અંતરના પાલન સાથે પ્રતિમાના પરિસરમાં એકત્ર થયા હતા.

રાષ્ટ્રપતિ ભવનથી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ વિડીઓ કોન્ફરન્સિંગ મારફત જોડાયા હતા અને તેમણે બંધારણના આમુખનું વાંચન કરાવ્યું હતું. જે અક્ષરસઃ નીચે મુજબ છે. "અમે ભારતના લોકો ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક બનાવવાનું અને દેશના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, તક અને દરજ્જાની સમાનતા નિર્ધારિત કરવાનો તેમજ તેઓમાં વ્યક્તિનું ગૌરવ તેમજ દેશ પ્રત્યેની એકતા અને અખંડિતતાને ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો દ્રઢતાપૂર્વક નિર્ણય કરીને તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ આ બંધારણ સભામાં આ બંધારણ અપનાવીને અમે અમારી જાતને સમર્પિત કરીએ છીએ."

સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર ખાતે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાના નેતૃત્વમાં કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશી, રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ બંધારણની ઉદેશિકાનું પઠન કર્યુ હતું.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા મતદાર જાગૃતિ અંગે ઓનલાઈન વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૬

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રનાં સહયોગથી તા. ૯ નવેમ્બર થી ૧૫ ડીસેમ્બર સુધી ચાલનાર મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. આ વેબિનાર "મતદાર યાદી માટે ઓનલાઈન NVSP પોર્ટલ જાગૃતિ" ના શિર્ષક સાથે તા.૨૪/૧૧/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગુગલ મીટ તથા ફેસબુક લાઈવના માધ્યમથી યોજવામાં આવેલ. આ વેબિનારમાં યુનિવર્સિટીના નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ ડૉ. બી.એન.પટેલએ પ્રાસંગિક ઉદ્બોધનમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને નેશનલ વોટર સર્વિસ પોર્ટલ (NVSP)ના માધ્યમથી મતદાર યાદીમાં નોંધણી કરી સમાજને સજ્જ બનાવી લોકશાહીને મજબુત કરવા હાકલ કરી. વેબિનારના વકતા કુમારભાઈ ગઢવી, નાયબ મામલતદાર, ગાંધીનગર દ્વારા NVSP પોર્ટલ પર મતદાર યાદીમાં નવી નોધણી કરવી, નામ કમી કરાવવું, વોટર કાર્ડમાં સુધારા કરવા, જેવા વિવિધ મતદાર યાદીને લગતા તમામ પ્રશ્નોનું ઓનલાઈન નિવારણ કરવા માટે સુંદર માર્ગદર્શન ક્રિયાત્મકપ્રયોગ દ્વારા યુનિવર્સિટીના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

# સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર દ્વારા બંધારણીય દિવસ નિમિતે ઓનલાઈન વેબિનારનું આયોજન



ગાંધીનગર, તા. ૨૬

એન.એસ.એસ. એકમ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર દ્વારા તા. ૨૬-૧૧-૨૦૨૦ના રોજ બંધારણીય દિવસ નિમિતે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ આ વેબિનારમાં મુખ્ય વક્તા તરીકે ડો. અનીલ પટેલ (ડાયરેક્ટર, નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર) તેમજ મુખ્ય ઉદ્ઘાટક તરીકે કોલેજના આચાર્યશ્રી ડો. એમ. જી. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ વેબિનારમાં ડો. અનીલ પટેલ દ્વારા બંધારણની પાયાની જાણકારી આપવામાં આવી હતી. ડો. એમ.જી. ભટ્ટ દ્વારા બંધારણ થકી ભારતના નાગરિકને મળતા અધિકારોની રૂપરેખા આપાવામાં આવી હતી. આ વેબિનારનું આયોજન તથા સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. ઉમેશ તરપદા તથા વિવેક દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં કુલ ૧૬૭ સહભાગીતાએ ભાગ લીધો હતો.

# શ્રી જે.બી.પ્રાથમિક શાળા દ્વારા પૂંઠાની મદદથી ઘર અને મંદિર બનાવવાની ઓનલાઇન પ્રવૃતિ યોજાઇ




ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૫/૧૧/૨૦૨૦ને બુધવારે પૂંઠાની મદદથી ઘર અને મંદિર બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પૂંઠાનો ઉપયોગ કરી વિવિધ પ્રકારના ઘર અને મંદિર બનાવ્યા હતાં. આ પ્રવૃતિમાં કુલ ૨૪ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓએ પોતાના ઘરે જ રહીને શિક્ષકોના માર્ગદર્શન અને માતા-પિતાના સહયોગથી આ પ્રવૃતિને આવકારી હતી.

શાળાનાં આચાર્ય નીલાબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને તથા વાલીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
પ્રેસ ફોટોગ્રાફર, (પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



સાર્થક ગૌતમ
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬



તુષાર સી ધનેશ્વર
મો.૯૮૯૮૫ ૨૪૪૬૦



નિકુંજ વૈશ્યક
તસવીરકાર
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



હની મિતેષકુમાર પટેલ



દેવલ જિતેન્દ્રકુમાર રાણા
મો. ૯૦૧૬૭૩૧૧૪૪



ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



દીપિકા રવી પટેલ
માલિક, નિરવી હર્બલ માર્ટ



શ્લોક રવી પટેલ
મો. ૮૨૦૦૯ ૦૯૦૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક